નવગુજરાત સમય

September 15, 2017, Friday

CITY Sports

# ઇન્ટર કોલેજ વોલીબોલમાં નવગુજરાત કોલેજ કેમ્પસની ટીમ ચેમ્પિયન



**નવગુજરાત સમય . અમદાવાદ :** ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ઝોન આંતરકોલેજ વોલીબોલ ટુર્નામેન્ટ એઈએસ કોમ્પલેક્સ ખાતે ૧૩ સપ્ટેમ્બરે યોજાઈ હતી. જેમાં ૩૬ ટીમોએ ભાગ લીધો હતો. શ્રીમતિ એસ.આર.મહેતા આર્ટ્સ કોલેજ (નવગુજરાત કેમ્પસ) ચેમ્પિયન બની હતી. તસવીરમાં (ડાબેથી) ડો. ધર્મસિંહ દેસાઈ ગુજરાત યુનિવર્સિટી-એ વિભાગ સેક્રેટરી, આચાર્ય ડો. દર્શાબેન જાની, અધ્યાપક સીમા કાદરી, ડો. નવીન ચણિયારા એઈએસ સ્પોર્ટસ એડવાઈઝર તથા ચેમ્પિયન ટીમના ખેલાડીઓમાં શિવમ શુક્લા, મોહિત ચૌહાણ, નમન જાડેજા, રવિ યાદવ, અક્ષય ડામોર, યશ પારેખ અને ચિંતામન માલીનો સમાવેશ થાય છે.

નવગુજરાત સમય

September 15, 2017, Friday

CITY Sports

# સ્ટેટ સિનિયર કુસ્તી સ્પર્ધામાં વિજેતા

**નવગુજરાત સમય. અમદાવાદ :** ખોખરા સ્પોર્ટ્સ સંકુલ ખાતે કુસ્તી એસોસિયેશન દ્વારા યોજાયેલી સ્ટેટ સિનિયર કુસ્તી સ્પર્ધામાં શ્રીમતી એસ.આર.મહેતા આર્ટ્સ કોલેજના વિદ્યાર્થી કમલેશ યાદવ ૬૧ કિલોના ગ્રૂપમાં પ્રથમ નંબરે વિજેતા બન્યા છે. કોલેજનાં પ્રિન્સિપાલ ડો. દર્શાબહેન જાની, અધ્યાપક સીમા કાદરી તથા કોચ હનિફરાજ શેખે કમલેશ યાદવનું અભિવાદન કર્યું હતું.